# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

એ-૩, જિલ્લા સેવાસદન-૨, અઠવાલાઈન્સ, સુરત

Phone No: (0261)2662903, Fax No: 2662902, Emailsuratdeo@gmail.com

જા.નં.મા-૧/વિ.લ.બો.-૨૦૧૯-૨૦/૧૧૩૮૦ તા. /૦૮/૨૦૧૯

**અગત્યનું/તાત્કાલિક**

**સ્મૃતિપત્ર- ૧**

પ્રતિ,

આચાર્યશ્રી,

સુરત જિલ્લાની ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓ તરફ

**વિષય:** ધો.-૯ માં પ્રવેશ મેળવતી કન્યાઓને રૂા. ૨૦૦૦/- ની કિંમતનાં વિધાલક્ષ્મી બોન્ડ આપવા બાબત. (વર્ષ-૨૦૧૯-૨૦)

**સંદર્ભ:** (૧) મે.ના.શિ.નિયામકશ્રી, કમિ.શ્રી શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક:ધર/માધ્ય/વિ.બોન્ડ/ ૨૦૧૯-૨૦ તા.૨૫/૦૬/૨૦૧૯

(૨) અત્રેની કચેરીનો પત્ર ક્રમાંક:જા.નં/મા-૧/વિ.લ.બો./૨૦૧૯-૨૦/૧૦૭૯૨ તા.૧૩/૦૮/૨૦૧૯

જય ભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ધો.૯ પ્રવેશ મેળવતી કન્યાઓને રૂા. ૨૦૦૦/- ની કિંમતના વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવા અંગેની યોજના ના અમલીકરણ કરવા અંગે તા.૧૬/૦૫/૨૦૧૩ ના ઠરાવ ક્રમાંક: બમસ/૨૦૧૨/૨૪૦/ગ ની જોગવાઈ મુજબ **સમગ્ર રાજ્યમાં ૩૫% થી નીચે સ્ત્રી સાક્ષરતા ધરાવતા ગામોની તેમજ ગરીબી રેખા હેઠળની આવક જુથમાં આવતા ધો.૯ માં જૂન-૨૦૧૯ થી નવા પ્રવેશ મેળવતી કન્યાઓને આ યોજનાનો લાભ આપવાનો થાય છે.** ઉક્ત યોજના અંતર્ગત આપની શાળામાં ચાલુ સત્રથી ધો.૯ માં પ્રવેશ મેળવનાર ૩૫%થી નીચે સ્ત્રી સાક્ષરતા ધરાવતા ગામોની તેમજ ગરીબી રેખા હેઠળની આવક જુથમાં આવતી કન્યાઓની દરખાસ્ત આ સાથે સામેલ પત્રકમાં (MICROSOFT EXCEL,FONT-ARIAL,FONT SIZE-10) તૈયાર કરી જરૂરી આધાર પુરાવા સાથે (ધો.-૮ પાસ માર્કશીટ, બી.પી.એલ.કાર્ડની નકલ, એલ.સી. નકલ, બેંક પાસબુક્ની નકલ, પ્રમાણ પત્ર) તમામ લાભાર્થીઓની ચકાસણી કરી, નિયત નમુનાનૂં પ્રમાણપત્ર સહિત જાણકાર કર્મચારી સાથે **તા.૦૫/૦૯/૨૦૧૯ સુધીમાં** કચેરી સમય દરમિયાન આ કચેરીમાં **હાર્ડકોપી તથા સોફ્ટકોપી** (સી.ડી./ડી.વી.ડી.)માં રુબરુ મા-૧ શાખામાં રજૂ કરવા જણાવવામાં આવે છે. જેથી આપના દ્વારા મળેલ લાભાર્થીઓની યાદી મે. કમિશનરશ્રી, મ.ભો. અને શાળાઓની કચેરી, ગાંધીનગર રજૂ કરી, જરૂર મુજબની ગ્રાંટ મેળવી લાભાર્થીને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવાની કાર્યવાહી કરી શકાય.

આપના દ્વારા સમયસર આ સાથે સામેલ રાખેલ પત્રક અને પ્રમાણપત્ર મુજબની દરખાસ્ત આ કચેરીને મળશે નહીં તો આપની શાળાની માહિતિ શૂન્ય છે એમ માની લેવામાં આવશે.

આપની શાળામાં વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવા પાત્ર હોય તેવી લાભાર્થી કન્યાઓના નામ યાદીમાં બાકી ન રહી જાય તેની ખાસ તકેદારી રાખવી. આવા લાભાર્થીઓનાં નામ બાકી રહેશે અથવા આપની શાળામાં આવા લાભાર્થીઓ હોય અને આપની ઉપસ્થિત થશે તો તે અંગેની સઘળી જવાબદારી આપની રહેશે જેની ખાસ નોંધ લેવી.

**ટૂંકમાં, આપની મા.શાળામાં ૩૫% થી નીચે સ્ત્રી સાક્ષરતા ધરાવતા ગામોની તેમજ ગરીબી રેખા હેઠળની આવક જુથમાં આવતા તેમજ બી.પી.એલ. કાર્ડ ધરાવતા ધો.૯ માં જૂન-૨૦૧૯ થી નવીન પ્રવેશ મેળવેલ હોય તેવી કન્યાઓને રૂ.૨૦૦૦/- ના વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવાની દરખાસ્ત આ કચેરીમાં તા.૦૫/૦૯/૨૦૧૯ સુધીમાં રજૂ કરવી.**

જિલ્લા શિક્ષણાધિકારી

સુરત. જિ.સુરત

બિડાણ: દરખાસ્ત પત્રક

**નકલ રવાના:**

- વહીવટી અધિકારીશ્રીઓ
- શાળા વિકાસ સંકુલ ૧ થી ૧૪ આ કચેરી

Scanned by CamScanner

## ૩૫% થી નીચે સ્ત્રી સાક્ષરતા ધરાવતા ગામોની તેમજ ગરીબી રેખા હેઠળની આવક જુથમાં આવતી અને જૂન-૨૦૧૯ માં ધો.૯ માં માં પ્રવેશ મેળવેલ કન્યાઓની વિધાલક્ષ્મી બોન્ડ ખરીદવા માટેની દરખાસ્ત

| Sr. | G R No. | Full Name of Student | Father's/ Mother's Name | Full Address | Taluka | School Name | Date of birth | BPL Card No. | Aadhar Card No. | Name Of Bank | Branch Name | A/C No. | IFSC Code | Note |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| નોંધઃ આ માહિતી અંગ્રજીમાં તૈયાર કરી મોકલવી જેથી હાર્ડકોપીમાં મોકલેલ માહિતી સરળતાથી જોઇ શકાય અને તેનું એકદરીકરણ કરી શકાય. -(ફોન્ટ અંગેના પ્રશ્ન ઉપસ્થિત ન થાય) | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | |

(નોંધ દરખાસ્તને અંતે નીચે મુજબનું પ્રમાણપત્ર આચાર્યશ્રીએ આપવું )

પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કેવિધાલક્ષ્મી બોન્ડનો લાભ મળવાપાત્ર થતા હોય તેવા લાભાર્થીઓની યાદી બનાવેલ છે કે જેઓ ૩૫ % કે તેથી ઓછી સાક્ષરતા દરવાળા ગામોની તેમજ બી.પી.એલ. ધરાવતી કુટુંબોની કન્યાઓ છે તેમજ કન્યાઓના વાલી પાસેથી પોતાની કન્યા અભ્યાસક્રમ પુરો કરશે તેવી બાંહેધરી મેળવેલ છે. અને જૂન-૨૦૧૯ માં ધોરણ -૯ માં પ્રવેશ મેળવેલ છે.

સ્થળ:

આચાર્યની સહી

તારીખ:

Scanned by CamScanner